# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-12-2024** | **Midday : 2.30 to 2.35**

**Day : Monday** | **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH-GUJARAT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ બે દિવસની રાજ્યની મુલાકાતે છે.. શ્રી શાહ વલસાડ જીલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર મિશનના વાર્ષિક ઉત્સવની પુર્ણાહુતીના મહામસ્તકભિષેક સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતા... અમિત શાહ બપોરે અમદાવાદથી ધરમપુર પહોંચ્યા હતા.. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સાથે કાર્યક્રમમાં રાજયના નાણા અને ઉર્જામંત્રી કનુ દેસાઇ અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યાં હતા.

શ્રી શાહ અમદાવાદથી સુરત એરપોર્ટ પહોંચ્યા ત્યારે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું.

# SURAT HARSH SANGHVI

સુરત શહેરમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ મહાનગરપાલિકા તેમજ આરટીઓના અધિકારીઓ સાથે એક સંકલન બેઠક યોજી હતી. સુરત શહેરમાં ચાલી રહેલા વિવિધ કાર્યો અને તંત્ર દ્વારા હાથ ધરાયેલા અભિયાનની કામગીરીની આ બેઠકમાં સમીક્ષા પણ હાથ ધરાઇ હતી.. સુરત શહેરના નાગરિકોના નડતી ટ્રાફિક સહિતની સમસ્યાના નિવારણ માટે અલગ અલગ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરીને તેના ઉકેલની દીશામાં વિચારણા કરવામાં આવી હતી..

આ અંગે વધુ વિગતો આપતા સુરત શહેરના પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, ટ્રાફિકના નિયમોનું પાલન યોગ્ય રીતે કરવામાં આવે તેમજ ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટેની આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

**(બાઇટ- અનુપમસિંહ ગેહલોત, પોલીસ કમિશ્નર સુરત)**

## SAFTY GUARD FOR THREAD

ઉત્તરાયણ પર્વમાં લોકોને દોરીથી બચાવવા રાજ્યસભાના સાંસદ મયંક નાયકે મહેસાણામાં અભિયાન આદર્યું છે..

મહેસાણાના તોરણવાડી માતાજી ચોકમાં આજે સાંસદ દ્વારા સેફટી ગાર્ડ લગાવવાનું શરૂ કર્યું હતું.. દ્વિચક્રી વાહનચાલકો પતંગની દોરીથી ઇજાગ્રસ્ત ન થાય તેની તકેદારીના ભાગરૂપે આ અભિયાન શરૂ કરાયું હતું.. ઉત્તરાયણ પર્વ સુધી સતત અભિયાન ચલાવાશે તેમ સાંસદ મયંક નાયકે જણાવ્યું હતું.ઉત્તરાયણ પર્વ બાદ પણ દોરી એકઠી કરી તેનો નિકાલ કરાશે, તેમ તેમણે જાહેરાત કરી હતી.

**(બાઇટ- મયંક નાયક-સાંસદ- મહેસાણા)**

## MEHSANA JIRA NI AAVAK

મહેસાણા જિલ્લાના ઊંઝા માર્કેટયાર્ડમાં જીરાની સારી આવક થઈ રહી છે.

જેમાં દૈનિક 7 હજાર બોરીની આવક નોંધાઇ રહી છે. જેમાં સુપર ભાવ 4 હજાર 550 રૂપિયાથી 4 હજાર 600 રૂપિયા અને એવરેજ ભાવ 4 હજાર 350 થી 4 હજાર 400 રૂપિયા સુધીના રહ્યા હતા. વરિયાળીનો ભાવ 3 હજાર 500 થી 4 હજાર 500 રૂપિયા અને મીડીયમ ભાવ 2500થી 3500 રૂપિયા સુધીના રહ્યા હતા. તલનો ભાવ 2550 થી 2 હજાર 750 રૂપિયા સુધીના રહ્યા હતા. અજમાંની આવક 700 બોરી હતી. 2 હજાર 500થી 3 હજાર રૂપિયા સુધીનો ભાવ રહ્યો હતો.

# MEHSANA- CYCLE RACE

મહેસાણાથી માઉન્ટ આબુ ગુરુ શિખર સુધીની સાયકલ રેસ આગામી 5મી જાન્યુઆરીએ યોજાશે. અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, 170 કિલોમીટરની આ રેસમાં 12 કલાકની સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. મહેસાણા ઇન્ડિયન સાયકલ કલબ દ્વારા સતત પાંચમા વર્ષે ગુરુશિખર ચેલેન્જ વિષય પર સાયકલ રેસનું આયોજન કરાયું છે.

આ સ્પર્ધામાં રાજ્ય સહિત અન્ય રાજ્યના 100 સ્પર્ધકો ભાગ લેશે. વિજેતા સ્પર્ધકોને 4 લાખ 39 હજાર રૂપિયા સુધીના ઇનામો સાથે પ્રમાણપત્ર આપવામાં આવશે.

# TRAIN TIME TABLE

આ પહેલી જાન્યુઆરી, 2025થી અમદાવાદ ડિવિઝનના વિવિધ મથક પરથી ચાલતી ટ્રેનોના સમયમાં ફેરફાર કરાયો છે, જે અંતર્ગત, 95 જેટલી ટ્રેનોની ગતિ વધારવામાં આવી રહી છે. ઉપરાંત 48 ટ્રેનના મુસાફરીમાં લગતા સમયમાં પાંચ મિનિટથી લઇને 65 મિનિટ સુધીનો ઘટાડો કરાયો છે.

અમદાવાદ ડિવિઝનના અમદાવાદ, સાબરમતી, મણિનગર, મહેસાણા, પાલનપુર, પાટણ, ભીલડી, ઊંઝા, સિદ્ધપુર, ગાંધીનગર, કલોલ, વિરમગામ, ગાંધીધામ, હિંમતનગર, હળવદ, ધ્રાંગધ્રા, સામાખીયાળી, ભુજ સહિત અન્ય મથકના સમયમાં ફેરફાર થશે. જેમાં આ ટ્રેનો તેના વર્તમાન નિર્ધારિત  સમય થી પહેલા કે પછી પહોંચશે.

અમદાવાદ ડિવિઝનના નવા સમયપત્રક અંગે વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરવાનો રહેશે અને પૂછપરછ માટે રેલવે ઈન્ક્વાયરી નંબર 139 અથવા વેબસાઈટ www.wr.indianrailways.gov.in પર માહિતી મળી શકશે.

## ARVALLI – SAMEEKSHA BETHAK

પંચાયત અને કૃષિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી બચુ ખાબડ અને અરવલ્લીના પ્રભારીમંત્રીની અધ્યક્ષતામાં અરવલ્લી જિલ્લા પંચાયત ખાતે ત્રણ તબક્કામાં સમીક્ષા બેઠક યોજાઈ ગઈ.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે પ્રથમ તબક્કામાં જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ,

કારોબારી સમિતિના અધ્યક્ષ અને સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ સહિતના સભ્યો દ્વારા વિવિધ મુદ્દાઓ અંગે રજૂઆતો કરવામાં આવી.

જ્યારે બીજા તબક્કામાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓમાં ચાલતી કામગીરીની માહિતી પૂરી પાડવામાં આવી. ત્રીજા તબક્કામાં ‘ન્યુ ગુજરાત પેટર્ન વર્ષ 2024-25’ના આયોજન અંગેની બેઠકમાં પ્રયોજના કચેરી દ્વારા રજૂ થયેલા આયોજન બાબતે પણ ચર્ચા કરવામાં આવી.